સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૫-૦૧-૨૦૦૨ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-:-:-:-:-:-

********

મ્યુ.કમિશનરશ્રીના તા.૮-૧-૦૨ ના પત્ર નં.સી. મીસ./૮/૩૭ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં જહાંગીરપુરા વિસ્તારમાં, દરખાસ્તની ફાઈલના પાના નં.૧૧૭ પર સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૪૬ (જહાંગીરપુરા) તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલના પાના નં.૧૨૭ પર સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનને બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવા તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ આનુસંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૧/૨૦૦૨ સર્વાનુમતે મંજુર</u>

પ્ર.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૯-૧-૨૦૦૨.